કૅન્સર એ એક નહીં, પણ તે અલગ-અલગ બીમારીઓનો પરિવાર છે

"ડૉક્ટર સાહેબ, મારા પાડોશીને પણ બ્રેસ્ટ કૅન્સર હતું. તેમને તો માત્ર છ કીમોથેરાપી થઈ હતી. મને બાર કેમ કહેવામાં આવી?" "મારા સગાને ફેફસાંનું કૅન્સર હતું. તેઓ તો માત્ર ગોળીઓ જ લેતા હતા. મને કીમોથેરાપી કેમ?" "અમારા ગામમાં એક દર્દીની તો સીધી સર્જરી થઈ ગઈ હતી. મારી સારવાર અલગ કેમ?"

આવા પ્રશ્નો મને અવાર-નવાર દર્દી કે તેમના સગા દ્વારા પૂછવામાં આવે છે. કૅન્સરનું નિદાન થતાં જ દર્દી અને તેમનો પરિવાર પોતાના ઓળખીતાઓના અનુભવ સાથે પોતાની સારવારની સરખામણી શરૂ કરી દે છે. કોઈ મિત્રની સલાહ, કોઈ સગાની વાત, કોઈ સોશિયલ મીડિયા પર વાંચેલી માહિતી કે કોઈ વૉટ્સએપ સંદેશ – આ બધું મળીને દર્દીના મનમાં એક જ પ્રશ્ન ઊભો કરે છે: "જો કૅન્સર એક જ બીમારી છે, તો દરેક દર્દીની સારવાર અલગ કેમ?" આ પ્રશ્નનો જવાબ કદાચ આધુનિક કૅન્સર વિજ્ઞાનની સૌથી મોટી ક્રાંતિમાં છુપાયેલો છે.

આજે વિશ્વભરના કૅન્સરના નિષ્ણાતો એક વાત પર સહમત છે કે કૅન્સર એક જ રોગ નથી. તે 100 થી વધુ અલગ અલગ પ્રકારની બીમારીઓનો વિશાળ પરિવાર છે. માત્ર એટલું જ નહીં, એક જ અંગમાં થતું કૅન્સર પણ અનેક જુદા જુદા પ્રકારનું હોઈ શકે છે. એટલે કે માત્ર "સ્તનનું કૅન્સર", "ફેફસાંનું કૅન્સર" અથવા "આંતરડાનું કૅન્સર" જાણવું પૂરતું નથી. તેની અંદરની બાયોલોજી, તેની વૃદ્ધિનો સ્વભાવ, તેના કોષોની રચના અને તેના મોલેક્યુલર લક્ષણો પણ એટલાં જ મહત્વપૂર્ણ છે.

આ વાત કદાચ પહેલી નજરે અજીબ લાગે. વર્ષો સુધી આપણે કૅન્સરને એક જ દુશ્મન તરીકે ઓળખતા આવ્યા છીએ. પરંતુ જેમ જેમ વિજ્ઞાન આગળ વધ્યું, તેમ સમજાયું કે આપણે જેને એક જ નામથી ઓળખીએ છીએ, તે હકીકતમાં અનેક અલગ અલગ સ્વભાવ ધરાવતા રોગોનો સમૂહ છે.

આ વાતને એક સરળ ઉદાહરણથી સમજીએ.

જો કોઈ વ્યક્તિ તમારી પાસે આવીને માત્ર એટલું જ કહે કે, "મને ઇન્ફેક્શન થયું છે", તો શું માત્ર આ માહિતીના આધારે સારવાર શરૂ કરી શકાય? ચોક્કસ નહીં. કારણ કે ઇન્ફેક્શન ગળામાં હોઈ શકે, ફેફસાંમાં હોઈ શકે, કિડનીમાં હોઈ શકે, મગજમાં હોઈ શકે અથવા લોહીમાં પણ હોઈ શકે. દરેકનું કારણ અલગ હોય છે, દરેકની ગંભીરતા અલગ હોય છે અને દરેકની દવા પણ અલગ હોય છે.

કૅન્સર પણ લગભગ આવું જ છે. "કૅન્સર" માત્ર એક સામાન્ય શબ્દ છે. પરંતુ તે કયા અંગમાં થયું છે, કયા કોષોમાંથી શરૂ થયું છે, કેટલું ઝડપથી વધે છે, શરીરમાં કેટલું ફેલાયું છે અને કઈ સારવારથી સૌથી વધુ ફાયદો થશે – આ દરેક પ્રશ્નોના જવાબ અલગ અલગ હોય છે.

આજે વિશ્વમાં 100 થી વધુ પ્રકારના કૅન્સર ઓળખાયેલા છે. સ્તન, ફેફસાં, મોઢું, મોટું આંતરડું, લિવર, પ્રોસ્ટેટ, ગર્ભાશય, અંડાશય, લોહી, લસિકા ગ્રંથિ, મગજ, હાડકાં, સાર્કોમા અને ત્વચા – આ બધા કૅન્સરના પ્રકારો છે, પરંતુ તેમના વર્તન, સારવાર અને પરિણામોમાં ખૂબ મોટો તફાવત છે. કેટલાક કૅન્સર ઝડપથી ફેલાય છે, જ્યારે કેટલાક વર્ષો સુધી ધીમે ધીમે આગળ વધે છે. કેટલાક કૅન્સર સર્જરીથી સંપૂર્ણપણે મટી શકે છે, જ્યારે કેટલાકમાં દવાઓ મુખ્ય ભૂમિકા ભજવે છે. કેટલાકમાં કીમોથેરાપી જરૂરી બને છે, તો કેટલાકમાં ટાર્ગેટેડ થેરાપી અથવા ઇમ્યુનોથેરાપી વધુ અસરકારક સાબિત થાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે એક જ અંગમાં થતું કૅન્સર પણ એકસરખું નથી હોતું.

સ્તનનું કૅન્સર તેનું સૌથી ઉત્તમ ઉદાહરણ છે. પહેલાં એવું માનવામાં આવતું હતું કે સ્તનનું કૅન્સર એટલે એક જ પ્રકારનો રોગ. આજે આપણે જાણીએ છીએ કે બ્રેસ્ટ કૅન્સરના પણ અનેક બાયોલોજિકલ પ્રકારો છે. કેટલાક કૅન્સર હોર્મોનથી પ્રભાવિત થાય છે, કેટલાકમાં HER2 નામનું ખાસ પ્રોટીન વધારે પ્રમાણમાં હોય છે અને કેટલાકમાં આ બંને લક્ષણો હોતાં નથી.

કલ્પના કરો કે ત્રણ મહિલાઓને સ્તનનું કૅન્સર છે. ત્રણેયની ઉંમર લગભગ સમાન છે. ગાંઠનું કદ પણ લગભગ સરખું છે. બહારથી જોનારને લાગે કે ત્રણેયને એકસરખી સારવાર મળશે. પરંતુ તપાસ બાદ ખબર પડે છે કે ત્રણેયના કૅન્સરની અંદરની રચના અલગ છે. પરિણામે એક દર્દીને માત્ર હોર્મોનલ સારવારથી લાંબા સમય સુધી ઉત્તમ પરિણામ મળી શકે છે. બીજા દર્દીને HER2ને નિશાન બનાવતી ટાર્ગેટેડ થેરાપીની જરૂર પડે છે, જ્યારે ત્રીજા દર્દી માટે કીમોથેરાપી અને કેટલીક પરિસ્થિતિઓમાં ઇમ્યુનોથેરાપી વધુ યોગ્ય બની શકે છે. ત્રણેયને બ્રેસ્ટ કૅન્સર છે, છતાં ત્રણેયની સારવાર સંપૂર્ણપણે અલગ છે.

આ જ છે પર્સનલાઇઝ્ડ મેડિસિન અથવા પ્રિસિઝન

કૅન્સરથી મોટી જિંદગી

ડૉ. કૌશલ પટેલ

ઑન્કોલોજી. તેનો અર્થ ખૂબ સરળ છે – દરેક દર્દીને એકસરખી સારવાર આપવાને બદલે, તેના પોતાના કૅન્સરની વિશેષતાઓને સમજીને સૌથી યોગ્ય સારવાર પસંદ કરવી. જેમ દરજી દરેક વ્યક્તિના શરીરના માપ પ્રમાણે કપડાં સીવે છે, તેમ આજના કૅન્સરના નિષ્ણાત દરેક દર્દીના કૅન્સરની ઓળખ, તેના સ્વભાવ અને તેની જરૂરિયાતને સમજીને સારવાર પસંદ કરે છે.

છેલ્લાં કેટલાક વર્ષોમાં મોલેક્યુલર ટેસ્ટિંગ અને જિનેટિક ટેસ્ટિંગ જેવી આધુનિક તપાસોએ

કૅન્સરનું નિદાન થતાં જ દર્દી અને તેમનો પરિવાર પોતાના ઓળખીતાઓના અનુભવ સાથે પોતાની સારવારની સરખામણી શરૂ કરી દે છે

પણ સારવારમાં નવી દિશા આપી છે. કેટલીક પરિસ્થિતિઓમાં આ તપાસોથી કૅન્સરના કોષોમાં એવા જિનેટિક અથવા મોલેક્યુલર ફેરફારો શોધી શકાય છે, જેના આધારે ચોક્કસ ટાર્ગેટેડ થેરાપી પસંદ કરી શકાય. ફેફસાંના કેટલાક દર્દીઓમાં EGFR અથવા ALK જેવા મ્યુટેશન, જ્યારે કેટલાક સ્તન અને અંડાશયના કૅન્સરમાં BRCA સંબંધિત ફેરફારો સારવાર પસંદ કરવામાં મદદરૂપ બને છે. જોકે દરેક દર્દીને આવી તપાસોની જરૂર પડતી નથી. કઈ તપાસ જરૂરી છે તે દર્દીની સ્થિતિ અને વૈજ્ઞાનિક માર્ગદર્શિકાઓના આધારે નક્કી કરવામાં આવે છે.

આધુનિક કૅન્સર સારવાર હવે માત્ર કીમોથેરાપી સુધી મર્યાદિત રહી નથી. આજે સર્જરી, રેડિએશન, કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી, હોર્મોનલ થેરાપી અને ઇમ્યુનોથેરાપી જેવા અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. ઘણી વખત આમાંથી બે કે ત્રણ સારવારનું યોગ્ય સંયોજન દર્દીને સૌથી વધુ લાભ આપે છે. એટલે જ કૅન્સરની સારવાર આજે એક વ્યક્તિનો નહીં, પરંતુ વિવિધ નિષ્ણાતોની ટીમનો નિર્ણય બની ગઈ છે.

દર્દીઓએ સૌથી મહત્વની એક વાત યાદ રાખવી જોઈએ – બીજા દર્દી સાથે પોતાની સારવારની સરખામણી કરવી યોગ્ય નથી. બે દર્દીઓનું કૅન્સર એક જ અંગમાં હોય છતાં તેમનો પ્રકાર, સ્ટેજ, બાયોલોજી, જિનેટિક લક્ષણો, ઉંમર, અન્ય બીમારીઓ અને સારવારનો હેતુ અલગ હોઈ શકે છે. તેથી "અમારા સગાને તો માત્ર ચાર કીમોથેરાપી થઈ હતી" અથવા "અમારા મિત્રને તો માત્ર ગોળીઓ જ મળી હતી" જેવી સરખામણીઓ ઘણીવાર ખોટા તારણ સુધી પહોંચાડે છે.

યોગ્ય પ્રશ્ન એ નથી કે, "બીજાને શું સારવાર મળી?" સાચો પ્રશ્ન એ છે કે, "મારા કૅન્સર માટે સૌથી યોગ્ય સારવાર કઈ છે?" આધુનિક ઑન્કોલોજીનો હેતુ દરેક દર્દીને સમાન સારવાર આપવાનો નથી, પરંતુ યોગ્ય દર્દીને યોગ્ય સમયે સૌથી યોગ્ય સારવાર આપવાનો છે.

છેલ્લાં દસથી પંદર વર્ષમાં કૅન્સર સારવારમાં થયેલી પ્રગતિ અસાધારણ રહી છે. નવી ટાર્ગેટેડ થેરાપી, ઇમ્યુનોથેરાપી, પ્રિસિઝન ઑન્કોલોજી, લિક્વિડ બાયોપ્સી અને જીનોમિક સિક્વેન્સિંગ જેવી ટેક્નોલોજીઓ ભવિષ્યમાં સારવારને વધુ ચોક્કસ અને વધુ વ્યક્તિગત બનાવશે. દરેક દર્દી માટે દરેક નવી દવા યોગ્ય નથી, પરંતુ યોગ્ય દર્દી માટે યોગ્ય સારવાર પસંદ કરવાની આપણી ક્ષમતા સતત વધી રહી છે. આ જ આધુનિક વિજ્ઞાનની સૌથી મોટી સફળતા છે.

કૅન્સર વિશેનો સૌથી મોટો બદલાવ માત્ર નવી દવાઓમાં નથી, પરંતુ વિચારવાની પદ્ધતિમાં આવ્યો છે. પહેલાં આપણે કૅન્સરને એક જ રોગ માનતા હતા. આજે આપણે જાણીએ છીએ કે દરેક કૅન્સરની પોતાની અલગ ઓળખ છે, પોતાનો અલગ સ્વભાવ છે અને ઘણી વખત પોતાની અલગ સારવાર પણ છે.

તેથી જો તમારા ડૉક્ટર એવી સારવાર સૂચવે, જે તમારા કોઈ સગા, મિત્ર અથવા પાડોશીની સારવારથી અલગ હોય, તો ગભરાશો નહીં. તે કદાચ એટલા માટે છે કે તમારું કૅન્સર પણ તેમની જેમ નથી. આજે શ્રેષ્ઠ સારવાર એ નથી, જે બધાને આપવામાં આવે; શ્રેષ્ઠ સારવાર એ છે, જે તમારા કૅન્સર માટે સૌથી વધુ યોગ્ય હોય. યાદ રાખો – "કૅન્સર" માત્ર એક શબ્દ છે. પરંતુ તેની પાછળ 100 થી વધુ અલગ અલગ બીમારીઓ, અલગ અલગ બાયોલોજી અને અલગ અલગ સારવારની દુનિયા છુપાયેલી છે. અને કદાચ આ જ કારણ છે કે આજે કૅન્સરની સારવાર પહેલાં કરતાં વધુ વૈજ્ઞાનિક, વધુ ચોક્કસ અને વધુ આશાસ્પદ બની છે.

ડિસ્ક્લેમર

આ લેખમાં આપવામાં આવેલી માહિતી માત્ર માહિતીના હેતુઓ માટે છે અને તેને તબીબી સલાહ તરીકે ગણવી જોઈએ નહીં. વ્યક્તિગત માર્ગદર્શન અને સારવારના વિકલ્પો માટે કૃપા કરીને ક્વોલિફાઇડ હેલ્થકેર પ્રોફેશનલનો સંપર્ક કરો.

મંડેલા ઇફેક્ટ: રિશ્તે મેં તો હમ તુમ્હારે બાપ...

અબીલ ગુલાલ

જયવંત પંડ્યા

મહેમૂદ ગઝનીએ સોમનાથ મંદિર પર કેટલી વાર આક્રમણ કર્યું હતું? મોટા ભાગના લોકો ઉત્તર આપશે, ૧૭ વાર. મોટા ભાગના એટલે બહુમતી લોકો. ઉત્તર ખોટો છે. મહેમૂદ ગઝનીએ સત્તર વાર ભારતનાં અલગ-અલગ સ્થાનો પર આક્રમણ કર્યું હતું. સોમનાથ પર તો એક જ વાર આક્રમણ કર્યું હતું. અને સોમનાથ પર પણ ચાર વાર અલગ-અલગ આક્રાંતાઓએ આક્રમણ કર્યું છે. સત્તર વાર નહીં. એક વાર મહેમૂદ ગઝનીએ. તે પછી અલાઉદ્દીન ખિલજીના સેનાપતિ ઉલુઘ ખાને. એ પછી દિલ્હી સલ્તનતના સૂબેદાર ઝફર ખાને. અને તે પછી કટ્ટર મઝહબી ઔરંગઝેબે ઈ.સ. ૧૬૬૫માં તેને તોડીને મસ્જિદ બનાવી નાખવાનો આદેશ આપ્યો હતો, પરંતુ તે ફળીભૂત થયો નહીં. એ પછી ઈ.સ. ૧૭૦૬માં તેણે આ આદેશ ફરી આપ્યો, પરંતુ ફરી એક વાર આ આદેશનું પાલન થયું નહીં.

વિચાર કરો કે લોકોમાં કેવી ખોટી ભ્રમણા ઊભી થઈ ગઈ કે સોમનાથ મંદિર, જે પશ્ચિમ ભારતના એકદમ દક્ષિણ-પશ્ચિમ ભાગમાં આવેલું છે, ત્યાં સુધી ગુજરાત-રાજસ્થાનના શૂરવીર રાજાઓને હરાવીને ભારતની બહારના કે અંદરના લૂટારા આવીને મંદિર લૂંટી જાય, તેને નષ્ટ કરી દે અને એમ ને એમ ચાલ્યા જાય? આ જ રીતે શ્રીરામ દ્વારા સીતાજીના ત્યાગની વાત તો આપણે આ કૉલમમાં (૧૮ જુલાઈ, ૨૦૨૬) લખી ગયા છીએ કે વાલ્મીકિ રામાયણમાં તે છે જ નહીં. સ્વતંત્રતા સેનાની સી. રાજગોપાલાચારી સહિત અનેક વિદ્વાનોએ તે લખ્યું છે. તુલસીદાસજીના રામચરિતમાનસમાં પણ આ ઘટના નથી, પરંતુ લોકમાનસમાં તે અમીટ બની ગઈ છે. તેનું કારણ એ છે કે મોગલોના સમયમાં જે પરિસ્થિતિ સર્જાઈ, તેમાં સ્ત્રીઓની જે દશા થઈ, તેના કારણે પાછળથી પ્રક્ષેપણો થયાં. અંગ્રેજોના સમયમાં એ પ્રવૃત્તિ દસ્તાવેજી સ્વરૂપે પણ નોંધાઈ. આ તો બધી જૂની વાતો થઈ. લોકમુખે જે વાત કહેવાય તે ફરતી-ફરતી અલગ જ સ્વરૂપ ધારણ કરી લે છે. 'ચાઇનીઝ વ્હિસ્પર' રમતમાં એક સમૂહ હોય છે. તેમાંની એક વ્યક્તિને કાનમાં એક વાક્ય કહેવામાં આવે છે. તે વ્યક્તિ તે વાક્ય બીજી વ્યક્તિને કહે છે, બીજી ત્રીજીને, એમ કરતાં-કરતાં છેલ્લી વ્યક્તિ જ્યારે તે વાક્ય બોલે છે ત્યારે તે સાવ જુદું જ બની જાય છે.

પોતાની સામે જ કોઈ ઘટના ઘટે તો તેનો ક્રમ, તે ઘટનામાં શું થયું હતું, તે બહુ સિલેક્ટિવ રીતે અને ઘણી વાર તો ખોટી રીતે યાદ રાખે છે

ક્લાસિક ઉદાહરણ નંદીની વાર્તાનું છે. ભગવાન શંકરે નંદીને પૃથ્વીના લોકોને કહેવા કહ્યું હતું કે, "ત્રણ વાર નહાવું અને એક વાર જમવું." પરંતુ રસ્તામાં ગોખતા-ગોખતાં નંદીને ઉલટું યાદ રહી જાય છે, "ત્રણ વાર જમવું અને એક વાર નહાવું." તે મનુષ્યોને આ સંદેશ આપે છે. ભગવાન શંકરને જ્યારે ખબર પડે છે ત્યારે તેઓ નંદીને શ્રાપ આપે છે, "જા, હવે તું ખેતી કરવામાં મનુષ્યોની સહાયતા કર." આવું સાચે જ બનતું હોય છે. નેલ્સન મંડેલા ૨૦૧૩ સુધી, એટલે કે ૯૫ વર્ષ જીવ્યા. છેલ્લા તબક્કામાં પાંચ વર્ષ તેઓ દક્ષિણ આફ્રિકાના પ્રમુખ (૧૯૯૪થી ૧૯૯૯) રહ્યા. એ પછી પણ તેઓ સેવાકીય રીતે પ્રવૃત્ત રહ્યા. એટલે કે તેઓ સમાચારમાં પણ ચમકતા રહેતા હતા. પરંતુ દુનિયાના ઘણા લોકોના મનમાં એવું ઠસી ગયું હતું કે નેલ્સન મંડેલા તો ૧૯૮૦ના દાયકામાં જ મૃત્યુ પામ્યા હતા. કદાચ તેનું કારણ એ હતું કે મંડેલા તેમના જીવનનાં ૨૭ વર્ષ જેલમાં રહ્યા હતા, અને આ ૨૭ વર્ષમાંથી દસ વર્ષ ૧૯૮૦ના દાયકામાં આવતાં હતાં. વિચાર કરો કે મીડિયાનો સારો એવો વિકાસ થઈ ગયો હતો તેવા સમયમાં પણ લોકોની સ્મૃતિમાં ખોટો ડેટા ફિટ થઈ ગયો હતો! એટલે લોકો ખોટું યાદ રાખી લે તેને 'મંડેલા ઇફેક્ટ' કહે છે. આ શબ્દ ફ્રિયોના બ્રૂમે આપ્યો હતો. ફ્રિયોના બ્રૂમ એક અગોચર સંશોધક છે. તેમની પોતાની સ્મૃતિમાં પણ નેલ્સન મંડેલા વિશે આવી ખોટી વાત ઠસી ગઈ હતી. એક પરિસંવાદમાં તેમણે આ વાત કરી, તો કોઈએ તેનો પ્રતિવાદ ન કર્યો. ઉલટું, બધાએ સૂર પુરાવ્યો. અર્થાત્ કહેવાતા વિદ્વાનો, જેમની પાસે મીડિયાનો એક્સેસ હોય છે, પહોંચ હોય છે, તેમની સ્મૃતિમાં પણ આવી ભ્રમણાઓ સત્ય તરીકે ભરાઈ ગઈ હોઈ શકે.

આવું ઘણા લોકો સાથે થતું હોય છે. એક જ ઘટના એકસાથે અલગ-અલગ લોકોના જીવનમાં બને તો તે ઘટનાનું વર્ણન, તેનો ઉદ્ભવ, તે કેવી રીતે બની, તેમાં ઘટનાઓનો ક્રમ - આ બધું અલગ-અલગ હોઈ શકે. મોટાં-મોટાં આંદોલનો, દા.ત. સ્વતંત્રતા આંદોલનથી માંડીને તાજેતરના CJPના વિરોધપ્રદર્શન સુધી, તેમાં ક્યારે કઈ ઘટના બની તેનો ક્રમ પણ અલગ-અલગ લોકો અલગ રીતે વર્ણવશે. પરિવારમાં ઘણી વાર કોઈ વ્યક્તિને સારી રીતે રાખવામાં આવી હોય, પરંતુ જો તેના મનમાં ઠસી ગયું હોય કે તેને તો સદા અપમાનિત કરવામાં આવી હતી, હડધૂત કરવામાં આવી હતી, તેને જોઈએ એવો પ્રેમ મળ્યો નહોતો, તો કોઈ તેના મનમાંથી એ કાઢી શકશે નહીં.

આજે તો મોબાઇલનો જમાનો છે. છેલ્લા પંદરેક વર્ષથી આપણી પાસે ફોટા અને વિડિયો છે. તેમ છતાં પરિવારના લોકોને પાંચેક વર્ષ પહેલાંની કોઈ ઘટના વિશે પૂછશો તો તેમને ઘણી વાતો યાદ નહીં હોય. જો મોટા ભાગના લોકોને પૂછવામાં આવે કે "હમ જહાં ખડે હોતે હૈ, લાઇન વહીં સે શુરૂ હોતી હૈ" સંવાદ કોનો છે? તો બધા કહેશે કે અમિતાભ બચ્ચનનો. પરંતુ 'કાલિયા' ફિલ્મમાં આ સંવાદ અદ્દલ આ રીતે છે જ નહીં. પહેલા અમિતાભ બચ્ચન નહીં, પરંતુ બોબ ક્રિસ્ટો આ સંવાદ બોલે છે. કેદી બોબ ક્રિસ્ટોના આ સંવાદના જવાબમાં કાલિયા (અમિતાભ) કહે છે, "હમ ભી વો હૈ જો કભી કિસી કે પીછે ખડે નહીં હોતે. જહાં ખડે હો જાતે હૈ, લાઇન વહીં સે શુરૂ હો જાતી હૈ." બોલો! અને બધાને શું યાદ રહી ગયું? અમિતાભ એમ કહે છે, "હમ જહાં ખડે હોતે હૈ, લાઇન વહીં સે શુરૂ હોતી હૈ." (આ સંવાદમાં જો તમે પાછળ 'હૈં' બોલ્યા હો તો તે પણ ખોટું ઠસી ગયું છે. અમિતાભ અહીં 'હૈં' બોલતા નથી.) એ જ રીતે અમિતાભ બચ્ચનને જ્યારે 'શહનશાહ'નો સંવાદ બોલવાનું કહેવાય છે ત્યારે તેઓ પણ ઘણી વખત કહે છે, "રિશ્તે મેં તો હમ તુમ્હારે બાપ લગતે હૈ, નામ હૈ શહનશાહ." પરંતુ ફિલ્મમાં સંવાદ છે, "રિશ્તે મેં તો હમ તુમ્હારે બાપ હોતે હૈ, નામ હૈ શહનશાહ." (અહીં પણ તમે મનમાં 'હૈં' બોલ્યા ને? અહીં પણ 'હૈં' નથી.) આવા સંવાદો લખનારા સલીમ ખાન (સલીમ-જાવેદ)ના દીકરા સલ્લુ મિયાંનો પણ એક સંવાદ છે, "એક બાર કમિટમેન્ટ કર દી..." સલમાન ખાનને પોતાને પૂછવામાં આવશે તો તે પણ કહેશે, "એક બાર મેંને કમિટમેન્ટ કર દી, તો ફિર મેં ખુદ કી ભી નહીં સુનતા." પરંતુ ફિલ્મમાં સલમાન બોલે છે, "એક બાર જો મેંને કમિટમેન્ટ કર દી, ઉસકે બાદ તો મેં અપને આપ કી ભી નહીં સુનતા."

લોકોનું પણ આવું જ છે. એક બાર જો મેમરી મેં ડાલ દિયા, ઉસકે બાદ તો મેં કિસી કી (સચ્ચી બાત) નહીં સુનતા.

અનુસંધાન પાના એકનું

કબીરા ખડા બજાર મેં

બન્નેમાં રાષ્ટ્રહિતમાં કઠોર નિર્ણયો લેવાની શક્તિ છે. દેશ સમક્ષ હજી ઘણી કઠોર સમસ્યાઓ પડેલી છે. મેનેજમેન્ટનો નિયમ છે કે જો કોઈ કોર્પોરેશન કે કંપનીના મુખ્ય અધિકારી ધાર્યા ધ્યેયો પ્રાપ્ત કરતો હોય, તો પછી એના નાના મોટા અવગુણો પર ધ્યાન અપાતું નથી, કારણ કે કોઈ માણસ સંપૂર્ણ હોતો નથી. જો એમની નાની નાની વાતો પર ધ્યાન અપાય તો કોઈ મોટાં કામો થઈ જ ન શકે. મોદી સરકારે આકાર લીધો ન હોત તો આજે પણ કાશ્મીરની સમસ્યા કઠિન કબજિયાતની માફક ભારતને કનડતી હોત. અમુક કામોમાં એવા નેતાઓની જરૂર હોય છે જે એક ઘા અને બે કટકા કરવાની તાકાત ધરાવતા હોય. ત્યાં ધાર્મિક પ્રવચનોનો વિલાપ ન ચાલે. રામ જન્મભૂમિ, ત્રિપલ તલ્લાક, મહિલાઓને ચૂંટણીઓમાં રિઝર્વેશન વગેરે એવા મુદ્દા છે જે ભારતના ઈતિહાસમાં માઇલસ્ટોન બન્યાં છે.

જો અમેરિકા ભારત વિરોધી વલણ અપનાવશે તો ભારત તેની આમાન્યા નહીં રાખે. કેનેડા એવી રીતે ચાલશે તો ભારત તરફથી અવહેલના અને અપમાનો સહન કરવા પડશે એ પૂરવાર કર્યું. વડાપ્રધાને વિદેશ પ્રવાસ ઘણો ખેડ્યો, પરંતુ તેની સામે વિદેશી મૂડી રોકાણ પણ માતબર પ્રયાણમાં લઈ આવ્યા છે. આ બધી એમની સિદ્ધિઓ છે. દેશનો વિકાસ દર સતત સાત ટકાની આસપાસ રિસ્પેક્ટેબલ રહ્યો છે.

આ બધું હોવા છતાં આજે સ્થિતિએ પલટો કેમ માર્યો? એટલા માટે કે તમે ઉંમર વર્ણવેલા અસાહ્ય, દુર્ગમ પ્રશ્નોનો ઊકેલ લાવો, કેન્દ્રની અને રાજ્યોની ચૂંટણીઓ સતત જીતતા રહો, તકવાદી વિપક્ષી નેતાઓ ભાજપમાં જોડાવા માટે, પ્રવેશ મળે તે માટે દેવીઓની માનતા રાખતા હોય ત્યારે તમારા પોતાના મનમાં જ એક ભાવ જાગે કે તમે કિંગ છો, અથવા બીજા ક્રમના કિંગ મેકર છો અને કિંગ કેન નોટ ડૂ રોંગ. તમારા બધા સારા નરસાં કૃત્યોને એક વર્ગ માસ્ટર સ્ટ્રોક ગણવા માંડે ત્યારે પોતાનું ધાર્યું કરવાની ઈચ્છા પ્રબળ બને છે. તે દેશની પ્રજા પ્રત્યેની જવાબદારીની અવગણના કરે છે.

આ લખનારને લાગે છે કે નોટબંધી એ આ સરકારની જેન્યુઈન ભૂલ હતી. પણ તેમાંથી ઘડો લેવો જોઈતો હતો. સારા કામોની યાદી છે એવી નિષ્ફળ કામોની પણ છે. જેમાં ખેડૂતોની જમીન સંપાદનોનો કાનૂન પાછો ખેંચવો પડ્યો, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના કિસાનોના આંદોલન સામે મહિનાઓના અંટસ બાદ ઝૂંકી જવું પડ્યું. યુપીના સેંગર નામક એક બળાત્કારીને સરકારે સાથ આપ્યો. કિસાન આંદોલનના કાર્યકર્તાઓ પર એક કેન્દ્રીય પ્રધાનના પુત્રએ જીપ ફેરવી દીધી, અનેકના મરણ નીપજ્યા, શાહીન બાગના આંદોલનકારીઓને મહિનાઓ સુધી છૂટો દોર અપાયો, જે કેજરીવાલ, સંજય સિંહ, સિસોદિયા વગેરે બે વરસ અગાઉ ગુનેગાર હતા અને હવે નથી, છગન ભૂજબળ અને અજીત પવારને પણ ઈડીના હોઝપાઈપથી નવડાવી ધોવડાવી સાંગોપાંગ પવિત્ર જાહેર કરવામાં આવ્યા, દિલ્હીમાં કોમી રમખાણો થવાના છે એવી દિવસો અગાઉથી મજબૂત હવા ચાલી રહી હતી છતાં એક યુવાન બ્રાહ્મણ શર્મા અધિકારીની હત્યા થાય એટલી બેદરકારી દાખવવી, નૂપુર શર્માને અધ્ધર લટકતી રાખી દેવી વગેરે અનેક કૃત્યો હતાં જે દેશની પ્રજાને માફક આવ્યા નથી. પરંતુ બીજી સફળતાઓની ચકોચૌંધમાં એ અણગમાની નોંધ લેવાઈ નથી. ખાનગી શિક્ષણ ક્ષેત્ર અને તેના ખર્ચાઓથી મધ્યમ વર્ગ દ્વારા તોબા પોકારી ગયો છે. વીજળીઓ ગુલ થાય છે અને અગાઉ પડતા હતા તેના કરતા મોટા ખાડાઓ રસ્તાઓ પર પડે છે. સ્વચ્છ ભારત મિશન અધૂરું જ નહીં, પણ બદબૂદારપણે નિષ્ફળ ગયું છે. સરકારો રોજ રોજ નવા મિશનો કે અભિયાનો આરંભે છે અને જૂનાને રેઢાં મૂકે છે. રાજ્યોમાં કોઈ અગમ્ય કારણોસર નબળા મુખ્યમંત્રીઓ પસંદ કરાય છે. પોતાના ઉરબળ વડે યોગીજી કે હેમંત વિશ્વ શર્મા જોર કાઢી જાય એ વાત અલગ છે. સામાન્ય પ્રજા વચ્ચે ફરીએ ત્યારે એ વાત પણ પ્રજાને પસંદ પડતી નથી જેમાં વડાપ્રધાન વિદેશોમાં વધુ રહે, દરેક ઉદઘાટન વખતે હરી ઝંડી બનાવે. વડાપ્રધાને સમજવું જોઈએ કે લોકો ચાહવાનો દેખાવ કરે એટલી માત્રામાં ચાહતા હોતા નથી. લોકો જાહેરમાં બોલે કંઈક અને માનતા કંઈક ઔર હોય છે. એક મોટા વર્ગને આભિજાત્ય વેશભૂષા અથવા નવા નવા વસ્ત્રોનો અંગીકાર પસંદ હોતો નથી. એમનાં પોતાનાં બાળકો કરે તો પણ પસંદ હોતો નથી.

લોકો મહાનગરોમાં ફોન પર સરખી રીતે વાતો કરી શકતા નથી. કોલ ડ્રોપની સમસ્યા ખૂબ મોટી છે. કંપનીઓને પ્રિપેઈડમાં મળવાના હોય એ પૈસા વાત ન થાય તો પણ મળી જાય છે તેથી તેઓ જરૂરી માળખું સ્થાપતા નથી. તેમ થવાથી ખર્ચ અને વધારાના સ્ટાફનો પગાર બચે છે અને દેશની ટેલિકોમ નિયામક સંસ્થા ટ્રાઈએ જે પગલાં લેવા જોઈએ તે લેતી નથી. જ્યારે રાહુલ ગાંધી બોલે કે સરકાર ઉદ્યોગપતિઓની છે ત્યારે લોકોને આ વાત સાચી લાગવા માંડે છે. સરકારી ભ્રષ્ટાચારમાં નવી નવી ભરતી આવતી રહે છે, ક્યારેય ઓટ આવતી નથી.

તાત્પર્ય એ કે મોટી સિધ્ધિઓ વડે લોકોની પ્રમાણમાં નાની અને રોજબરોજની સમસ્યા દૂર થતી નથી. એ પ્રત્યે ધ્યાન આપવાનું ભુલાવું ન જોઈએ. એ વાત મોટી કલ્પના માગી લેતી નથી કે નીટની પરીક્ષા કેન્સલ થાય કે લીક થાય, વિદ્યાર્થીઓ અને એમના કુટુંબીજનો કેવી કેવી મુશ્કેલીઓમાં અને તે પણ દર વરસે, આવી પડતાં હોય છે. સરકાર મા-બાપના સ્થાને છે. પ્રોએક્ટિવ બનીને પ્રધાનનું રાજીનામું પણ ન લેવું જોઈએ, એમને પ્રધાનપદેથી તત્કાલ દૂર કરી દેવા જોઈએ. પણ નૈતિક વલણો, રીતભાતોની હમણાના વરસોમાં દેશમાં વાટ લાગી ગઈ છે. એક વડી અદાલતની જજના ઘરે કરોડો રૂપિયા સળગી જાય છે અને એને માનભેર નિવૃત્ત થવાની ઝળહળતી તક સરકાર દ્વારા પૂરી પડાય છે. દેશમાં ભાવનાશીલ અને નૈતિકતામાં માનતો એક મોટો વર્ગ છે તે આ બધું જોઈને ઉદાસ તો થાય છે, પણ વધુ તો ડરી જાય છે. એક મેકને પૂછે છે કે શું થવાનું છે આ દેશનું?

પ્રજા એ ચિંતામાં સરી ન પડે તે જોવાની જવાબદારી સરકારી છે. રામ જન્મભૂમિની ચંદાચોરીએ પણ આ પ્રકારનો ભય ફેલાવ્યો છે. સરકારના કોઈ મોટા એજન્ડા ભવિષ્ય માટે હોય, અને હોવા પણ જોઈએ, તેની પરિપૂર્તિ કરવા માટે પ્રજાને સંતાન ગણી સામે ચાલીને જરૂર પડે તો ખુલાસો કરવો અને જરૂર પડે તો માફી માગવાથી સરકારની આબરૂ ઘટતી નથી, પણ વધે છે. સમયસર એક ટેભો ભરી લેવામાં આવે તો પછીથી નવાણું ટેભા ભરવાની અણમતી ફરજ પડતી નથી. એક ધર્મેશ પ્રધાન કે ચંપત રાયને વહાલા કરવા દેશની પ્રજાની અવગણના કરવાથી સરકાર પણ પોતાની કેટલી કિંમત કરે છે તે પ્રજા જાણી જાય છે. સમયસર ટાંકો લેવાથી એ લોકોને હામી થવાની તક નથી મળતી જેને તમે ધિક્કારો છો.

હજી કંઈ બગડ્યું નથી. ત્રણેક વરસનો સમય છે. એવા કામો કરો કે જેમાં પ્રજા રાજી હોય. પ્રજાનું હિત મોખરે આવે. જો તેમ થાય તો ગંજાવર રોડ શો, સામુહિક પક્ષાંતર (તે પણ લોકોને પસંદ નથી) ની જરૂર ન પડે. જે શાસન કરવા માટે લાયક નથી એવા લોકોને સત્તા સોંપવાની પ્રજાને ફરજ નહીં પાડો. પ્રજા વફાદાર રહે છે અને ગુસ્સો કરતી નથી તેવું